ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૭.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૪૪ ટકા

# પરીક્ષાઓ રદ થતા વાલીઓ-વિદ્યાર્થીઓમાં મિશ્ર પ્રતિસાદ

## કેન્દ્રએ ધો-૧૨ની પરીક્ષા રદ કરતા તેના પગલે રાજય સરકારે પણ ધો-૧૨ની પરીક્ષાઓ રદ કરી

ગાંધીનગર, તા.૨

કોરોનાની મહામારીએ વધુ એક પરીક્ષા રદ કરી છે. કેન્દ્રના પગલે રાજય સરકારે પણ ધો-૧૨ની પરીક્ષા રદ કરતાં વાલીઓ અને વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયા છે. પરીક્ષાઓ રદ થતાં મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે.

અભ્યાસ બાબતે આ આખું વર્ષ મુંઝવણભર્યું અને નિરાશાજનક રહ્યું છે. શાળાઓ છેલ્લા કેટલાય સમયથી બંધ છે. વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણના માધ્યમથી અભ્યાસ કરાવાઈ રહ્યો છે. માર્ચ અને એપ્રિલ માસમાં કોરોનાની બીજી લહેરનું સંક્રમણ ખૂબ વ્યાપક બનતા સરકારે ખૂબ જ કડકાઈ રાખી છે અને આંશિક લોકડાઉન અને કરફયુના નિયમો કડક બનાવાયા છે. આ દરમિયાન જ સરકારે ધો-૧૦ની બોર્ડની પરીક્ષા રદ કરી છે જયારે અન્ય ધોરણોના વિદ્યાર્થીઓ અને કોલેજના વિદ્યાર્થીને માસ પ્રમોશન આપી દેવાયું છે. હવે ધો-૧૨ની પરીક્ષાઓ રદ કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

દેશના ઘણા રાજયોમાં હાલમાં કોરોનાની સ્થિતિ ગંભીર છે. કેટલાક રાજયોમાં લોકડાઉન છે. તો કેટલાક રાજયોમાં ઘણા વિસ્તારો હજુ માઈક્રો કન્ટેઈન્મેન્ટ હેઠળ છે. આવા રાજયોની સંખ્યા ઘણી વધારે છે. આવા વિપરીત સંજોગોમાં



વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા ફરજ પાડી શકાય નહીં. પરીક્ષા માટે વિદ્યાર્થીઓને વર્ગખંડોમાં એક સાથે બેસાડવું પણ જોખમી છે. આવા સંજોગોમાં ધો-૧૨ની પરીક્ષા રદ કરવાનો કેન્દ્ર સરકારે નિર્ણય કરતા રાજય સરકારે પણ તેના પગલે ધોરણ-૧૨ની પરીક્ષા રદ કરી છે.

ધો-૧૨ની પરીક્ષાઓ રદ થતા વાલીઓ તેમના બાળકોના ભવિષ્ય બાબતે ચિંતિત બન્યા છે. બાળકો પણ મૂંઝવણમાં મુકાયા છે. આખું વર્ષ મહેનત કરનાર વિદ્યાર્થીઓ પરીક્ષાઓ રદ થતા મુંઝવણ અનુભવી રહ્યા છે. પરીક્ષાઓ રદ થતાં આગળના વર્ષમાં કેવી રીતે વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે તેની ચિંતા પણ વાલીઓ અને વિદ્યાર્થીઓ કરી રહ્યા છે. આ વર્ષે કોઈ પણ પ્રકારની પરીક્ષાઓ લેવાઈ ન હોવાથી વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસનું આકલન કરી શકયા નથી. તેમની મહેનત યોગ્ય દિશામાં છે કે નહીં તેનો પણ તેમને ખ્યાલ નથી. આવા સંજોગોમાં બોર્ડની પરીક્ષા ન યોજાય તો વિદ્યાર્થીઓ એન્ટ્રન્સ એકઝામની તૈયારીઓ કેવી રીતે કરશે તેની મૂંઝવણ પણ છે.

**જન્મદિને વધામણી**



છત્રસિંહ નરેન્દ્રસિંહ ચૌહાણ



નયનાબેન પી. પ્રજાપતિ



સાધનાબેન પરમાર
લાયોનેસ ક્લબ



અમિત ગોંડ
વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર



નવીનભાઈ વસોયા
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ચેરમેન શીશપાલજી દ્વારા ગાંધીનગરમાં યોગ કોચ ને વિશ્વ યોગ દિવસ સંદર્ભે ભાસ્કર ઈન્સ્ટિટયૂટમાં ઓનલાઈન યોગ કરાવ્યા હતા. જેમાં ગાંધીનગરના યોગ કોચ હાજર રહ્યા હતા અને જેનો વિષય હતો ઈમ્યુનિટી વધારવા યોગનું મહત્વ. હવે ૩/૬/૨૧ ગુરુવારે ઓનલાઈન કાર્યક્રમ યોજાશે. જેનો વિષય છે શ્વસનતંત્ર / ફેફસા ને સ્વસ્થ રાખવાના ઉપાયો. જે માટે સવારે ૬:૩૦ થી ૮:૦૦ દરમિયાન https://youtu.be/gmYOgNvjOPk યૂટ્યૂબ લિંક પરથી જીવંત પ્રસારણ થશે.

## ગજાનન સેવા સમિતિનું ૧૧૮ લાભાર્થીઓને સામગ્રી વિતરણ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરની સેવાભાવી સંસ્થા ગજાનન સેવા સમિતિ દ્વારા રાજ્યના અંતરિયાળ ગામોમાં જરૂરિયાતમંદ પરિવારોને નિયમિત અનાજ કરિયાણા સહિતની વિવિધ સામગ્રીનું વિતરણ કરવામાં આવે છે જે અંતર્ગત ગુજરાતના અરવલ્લી જિલ્લાના શોભાયડા, સુનોક, ગડાધર તથા ખારી ગામે ૧૧૮ લાભાર્થીઓને ત્રણ કિલો ચોખા, મગદાળ, કપાસિયા તેલ સાથે નાસ્તા બિસ્કીટ અને પેરાસીટામોલ ટેબ્લેટ સહિતની સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં મિલિન્દ ગુપ્તે, મહર્ષિભાઇ, કાજળે અને સોલાપુરકર જોડાયાં હતા.

## આત્મન ફાઉન્ડેશનની બાળકો માટેની 'અભિવ્યક્તિ ઈ-બાળ શિબિર'નું આયોજન

ગાંધીનગર, તા.૨

છેલ્લા ઘણાં વર્ષોથી દર વર્ષે વેકેશનમાં બાળકો માટેની આત્મન ફાઉન્ડેશન દ્વારા 'અભિવ્યકિત બાળ શિબિર' યોજવામાં આવતી હતી. કોરોના પરિસ્થિતિમાં ગયા વર્ષે બે દિવસની ઈ-બાળ શિબિર યોજવામાં આવી હતી, જેમાં જુદા જુદા શહેરો - નગરોના લગભગ ૧૦૦ જેટલાં બાળકોએ ભાગ લીધો હતો. આ વર્ષે સંસ્થા દ્વારા બીજી આત્મન ફાઉન્ડેશનની નિઃશુલ્ક 'અભિવ્યક્તિ ઈ-બાળ શિબિર'નું તા. ૫ અને ૬ જુન શનિ અને રવિવાર સાંજે ૫ થી ૬.૩૦ કલાક દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે.

આત્મન ફાઉન્ડેશનની 'અભિવ્યકિત ઈ-બાળ શિબિર'માં બાળકોને આર્ટ - ક્રાફટ, નૃત્ય, બાળ ગીત - વાર્તા, વિજ્ઞાનના પ્રયોગો વગેરે પ્રવૃત્તિઓનો આનંદ માણવા મળશે. આ શિબિર માટે કોઈ ચાર્જ કે ફી રાખવામાં આવી નથી. આ માટે વધુ માહિતી માટે સી. એલ. મહેતાનો સંપર્ક કરવા આત્મન ફાઉન્ડેશન દ્વારા જણાવાયું છે.



પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના મજબૂત અને નિર્ણાયક નેતૃત્વવાળી એનડીએ સરકારના સુશાસનના ૭ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થયાના અવસરે 'સેવા હી સંગઠન' સપ્તાહ ઉપક્રમે શ્રી જી.ડી.એમ. તથા એચ.એન.જે. કોબાવાલા ગાંધીનગર હાઈસ્કૂલમાં ગાંધીનગર દક્ષિણના માન. ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર અને વોર્ડ નં. ૧૦ ના ઉમેદવારશ્રી તેજલબેન નાયી તેમજ સ્થાનિક પદાધિકારીઓ મહેન્દ્રભાઈ દાસ, મીરાબેન પટેલ, પોપટસિંહ ગોહિલ, વોર્ડ નં. ૧૦ના મહામંત્રી રાજભાઈ વાઘેલા સહિતના ભાજપ અગ્રણીઓ દ્વારા કોરોના મહામારીને નાથવા ઘરે-ઘરે માસ્ક અને તમામ વિસ્તારોમાં સેનેટાઇઝ કરવામાં આવ્યું હતું.

## પે-ફિકસેશન મામલે સફાઈ કામદાર યુનિયનના મહિલા પ્રમુખ ઉપવાસ પર ઉતર્યા

### સફાઇ કામદારોના પડતર પ્રશ્નોના સત્વરે ઉકેલની ખાત્રી આપી ડે.મ્યુનિસિપલ કમિશનરે પારણાં કરાવ્યાં

ગાંધીનગર, તા.૨

આજે ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયનના મહિલા પ્રમુખ સફાઈ કર્મચારીઓના પડતર પ્રશ્નો સંદર્ભે ઉપવાસ પર ઉતરી જતા મનપાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરે તુરંત આવીને તેમના પડતર પ્રશ્નોનું ટૂંક સમયમાં નિરાકરણ લાવવાની બાંહેધરી આપી પારણા કરાવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા સફાઈ કામદારોના પડતર પ્રશ્નો અંગે સત્તાધીશો અને અધિકરીઓ સમક્ષ વારંવાર રજૂઆત કરવા છતાં નિરાકરણ નહીં આવતાં છેવટે તમણે આ પગલું ભર્યું હતુ.

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારની સફાઈ કાર્યની જવાબદારી નિભાવતા ૯૪ સફાઈ કામદારોની છેલ્લા લાંબા સમયથી પડતર માંગણીઓ અંગે કોઈ નિરાકરણ આવતું ન હતું. ગાંધીનગર મનપામાં કાયમી ધોરણે કાર્યરત સફાઈ કર્મચારીઓને પાંચમા પગાર પંચમાં સમાવેશ કરવામાં આવ્યો છે પરંતુ સફાઈ કામદાર યુનિયનના મતે ખોટી રીતે પે-ફિકસેશન કરી દેવાતા કામદારોને છેલ્લા ઘણા સમયથી મોટું આર્થિક નુકશાન થઈ રહ્યું હોવા સાથે કર્મચારીઓને છઠ્ઠા અને સાતમા પગાર પંચનો લાભ આપવામાં આવ્યો નથી. આ બાબતે અવારનવાર સત્તાધીશો અને અધિકરીઓ સમક્ષ રજુઆતો કરવા છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યાં હોવાથી ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયનના મહિલા પ્રમુખ શાંતાબેન ચાવડા સહિત દસ પ્રતિનિધિ આવી પહોંચ્યા હતા અને પ્રમુખ આજે ઉપવાસ પર ઉતરી ગયાં હતા. જો કે આ બાબતની જાણ થતાં જ ગાંધીનગર મનપાના ડેપ્યુટી કમિશનર પી.સી.દવે સ્થળ પર ધસી આવ્યાં હતા અને સફાઈ કામદારોના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા સમિતિની રચના કરવામાં આવી છે જે ૨૦ દિવસમાં પે-ફિકસેશનની વધુ ચોકસાઈથી ચકાસણી કરીને ટૂંક સમયમાં જ કાર્યવાહી કરવાની બાહેધરી આપી પારણા કરાવ્યા હતાં.

## ચિલ્ડ્રન યુનિવર્સિટીની જમીનમાંથી લોખંડની એંગલો અને જાળીની ચોરી

ગાંધીનગર, તા.૨

શાહપુર ગામે ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે આવેલી જમીન ફરતે લગાવેલી લોખંડની એંગલ અને જાળીની ચોરી થવા પામી છે. ચોર શખ્સો ૬ ફુટ લાંબી લોખંડની ૯૨ ઈંગલો અને પાંચ ફુટ ઉંચાઈ ધરાવતી ૮૦ ફુટ જાળી ચોરી કરી પલાયન થઈ ગયા છે. ડભોડા પોલીસ મથકે એંગલો અને જાળીની કુલ કિં.રૂ.૪૯,૨૦૦ ની મત્તાની ચોરી થતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૨ વૃંદાવન સોસાયટી ખાતે રહેતા ૩૮ વર્ષિય હર્ષદભાઈ નારાયણભાઈ પ્રજાપતિ પોતાના પરિવાર સાથે રહે છે અને ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે ડેપ્યુટી રજીસ્ટ્રાર તરીકે છેલ્લા ૧૫ મહિનાથી ફરજ બજાવે છે અને સેકટર-૨૦ ખાતે તેઓની ઓફિસ આવેલી છે. શાહપુર ગામે આવેલી ચિલ્ડ્રન યુનિવર્સિટીની જમીનમાં થોડા સમય પહેલા સેકટર-૨૬ જીઆઈડીસી વિસ્તારમાં આવેલ મારૂતિ ફેબીકેશન અને સ્મીટેક પાવર લાઈન દ્વારા લોખંડની એંગલો અને જાળી નાંખવાનું કામ કરવામાં આવ્યું હતું. જેનો ખર્ચ આશરે રૂ.૧૫ લાખ થયો હતો. જયારે ગત તા.૨૬-૫-૨૧ના રોજ યુનિવર્સિટીના અધિકારીઓ બપોરના સુમારે જમીનની વિઝીટ કરવા માટે ગયા હતા.તે સમયે તેઓને જમીનની ચોતરફ લગાવેલી ફેન્સીંગની ચોરી થઈ હોવાની વાત ધ્યાને આવી હતી. જેથી તપાસ કરતા લોખંડની ૯૨ એંગલો અને ૮૦૦ ફુટ લાંબી જાળીની ચોરી થવા પામી છે. ૯૨ ઈંગલના રૂ.૯૨૦૦ અને રૂ.૪૦ હજારની જાળીની ચોરીની ફરીયાદ ડભોડા પોલીસ મથકે નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દોલારાણા વાસણા ગામમાં ત્રણ દુકાનોના તાળા તુટયા




ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક આવેલા દોલારાણા વાસણા ગામે ગતરાત્રીએ એક સાથે ત્રણ દુકાનોના તાળા તુટતા ચકચાર મચી જવા પામી છે. ગામ બજાર લાઈન આવેલી કરિયાણાની દુકાનમાંથી ૨૦ હજાર અને મોબાઈલ રીચાર્જની દુકાનના ડ્રોઅરમાંથી રોકડા રૂ.૧૫ હજાર લઈ ચોર ઈસમો ફરાર થઈ ગયા છે. ચોર શખ્સો સીસીટીવી માં કેદ થઈ ગયા છે. પોલીસ પેટ્રોલીંગ વચ્ચે પણ ચોર શખ્સો પોતાની કળા કરી જતા રહ્યા છે. ચિલોડા પોલીસ મથકે દુકાનદારે ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઉત્પલ કુમાર શાંતિલાલ ભાવસાર (ઉં.૪૭)દોલારાણા વાસણા ગામે પોતાના પરિવાર સાથે રહે છે અને બજાર લાઈનમાં જેઠાલાલ લક્ષ્મીચંદ નામની કરીયાણાની દુકાન ધરાવે છે. ફરીયાદી નિત્યક્રમ મુજબ સાંજના સમયે કરીયાણાની દુકાન બંધ કરીને ઘરે ગયા હતા. ત્યારે સવારે પોણા પાંચ વાગ્યાના અરસામાં તેમના મોબાઈલ ફોન પર બાજુમાં દુકાન ધરાવતા કમલેશભાઈનો ફોન આવ્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે તમારી દુકાનના દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં છે. જયારે ફરીયાદીની દુકાન આગળ કમલેશભાઈની દુકાનનો નકુચો પણ તુટેલી હાલતમાં પડ્યો હતો. કમલેશભાઈએ જણાવ્યું કે મારી દુકાનમાં તપાસ કરતા કોઈ ચોરી ન થઈ હોવાનું લાગી રહ્યું છે. જેથી ફરીયાદી તાત્કાલીક દુકાને પહોંચ્યા હતા અને જઈને જોયુ તો તિજોરી ખુલ્લી હતી અને તિજોરીમાં રહેલા રોકડા રૂ.૨૦ હજાર ગાયબ હતા.જયારે મારી બાજુમાં આવેલી અમિત જયંતિલાલ શાહની મોબાઈલ રીચાર્જની દુકાન આવેલી છે. તે દુકાનના શટરની બાજુમાં લાકડાનો દરવાજાનો નકુચો તોડી દુકાનના ડ્રોવરમાંથી રોકડા રૂ.૧૫ હજાર મળી કુલ રૂ.૩૫ હજાર ચોરી કરી લઈ ગયા હતા. જયારે ગામમાં એકસાથે ત્રણ દુકાનના તાળા તુટતા હોહા મચી જવા પામી હતી. ત્યારે પોલીસ પણ ચોર શખ્સોને પકડી પાડવા માટે કમરકસી રહી છે.

## કોરોનામાં અનાથ વિદ્યાર્થીઓને સંપૂર્ણ સ્કોલરશીપનો સ્વર્ણિમ ઈનોવેશન યુનિવર્સિટીનો નિર્ણય

ગાંધીનગર, તા.૨

છેલ્લા એક વર્ષ થી વધુ, કોવીડ-૧૯ વૈશ્વિક મહામારીએ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે. આ રોગચાળામાં લાખો લોકોએ પોતાના સ્વજનોને ગુમાવ્યા છે. નોકરી, ધંધા અને દેશની આર્થિક ગતિવિધિઓ પર એની વ્યાપક અસરો થઈ છે. ઘણા કુટુંબોએ પોતાના એવા સ્વજનો ગુમાવ્યા છે જે ઘરમાં એક માત્ર કમાવનાર વ્યક્તિ હોય, જેની આજીવિકા પર ઘરના ખર્ચ અને અન્ય તમામ જવાબદારીઓ નિર્ભર હોય છે. અચાનક તેઓના નિધન થવાને લીધે પરિવારજનો પર આર્થિક બોજાનો પહાડ તૂટી પડે છે.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર હંમેશા સમાજકલ્યાણ અને વિદ્યાર્થીઓના હિતલક્ષી કાર્યો માટે અગ્રેસર રહે છે. તાજેતર માં સ્વર્ણિમ યુનિવર્સિટી દ્વારા આ ગંભીર પરિસ્થિતિ માં એક ખુબ પ્રશંસનીય પહેલ કરી છે. યુનિવર્સિટી દ્વારા જે કુટુંબમાં એકમાત્ર કમાવનાર વ્યક્તિના કોવીડ-૧૯ રોગચાળાને લીધે થયેલા નિધન પછી તેઓના બાળકોના ભણતર, કારકિર્દી અંધારમય ના બની જાય તે હેતુસર ડિપ્લોમા અને ડિગ્રીના અભ્યાસક્રમો સંપૂર્ણ FREE SCHOLARSHIP (મફત શિષ્યવૃત્તિ) આપવાની જાહેરાત કરી છે.

આ સંદર્ભે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ રિષભ જૈન જણાવે છે કે, 'સ્વર્ણિમ યુનિવર્સિટી એ ભારતની પ્રથમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી છે જે ઈનોવેશન, સ્ટાર્ટઅપ ને વેગ આપવા વિદ્યાર્થીઓને તમામ સહાય કરે છે તથા કોર્પોરેટ સામાજિક જવાબદારી હેઠળ સમાજસેવા ના કાર્યો માટે પણ હંમેશા અગ્રેસર રહે છે. કોવીડ-૧૯ની આ મહામારીમાં કુટુંબીજનો જેઓએ પોતાના સ્વજનોને ગુમાવ્યા છે તેઓ માટે અમને ખુબ સહાનુભૂતિ છે અને એટલે જે એકમાત્ર કમાવનાર કુટુંબીજનના મૃત્યુ પછી તેઓના બાળકોને ઉચ્ચ ગુણવત્તા વાળું શિક્ષણ મળી રહે તે હેતુસર અમે ડિપ્લોમા અને ડિગ્રીના અભ્યાસક્રમોમાં તેઓ માટે ૧૦૦ ટકા FREE SCHOLARSHIP (મફત શિષ્યવૃત્તિ) મળી રહે તે અંગે નિર્ણય લીધો છે.'



કોરોના મહામારીમાં જનજીવન વિવિધ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે, અંશતઃ લોકડાઉન જેવી પરિસ્થિતિના કારણે નાના મોટા કામ-ધંધા ઠપ્પ થઈ જવાથી અનેક પરિવારોને બે સમયનું પુરતું ભોજન જમવાના પણ ફાંફાં પડી જવા પામ્યાં છે. ગાંધીનગરમાં કાર્યરત ચાઈલ્ડ હેલ્પલાઈનના સ્ટાફ દ્વારા દાતાના સહયોગથી શહેરના જરૂરિયાતમંદ વર્ગના શ્રમિક પરિવારોના બાળકો માટે ભોજન સેવા પુરી પાડવામાં આવી હતી.

## સેક્ટર-૨૮માં આવેલ એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલનું કોરોના મહામારીમાં મહત્વનું યોગદાન

ગાંધીનગર, તા.૨

કોરોના મહામારીમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર બાલમંદિરથી ધોરણ-૮ માં અભ્યાસ કરી રહેલા બાળકો ની ૧૦૦% ફી માફ કરવામાં આવી છે. આવા વિદ્યાર્થીઓની ફી શાળા દ્વારા લેવામાં આવશે નહીં અને વધુમાં જે બાળકોના માતા અથવા તો પિતા બંનેમાંથી એકનું કોરોનાને લીધે અવસાન થયું હોય તેમની ૫૦% ફી માફ કરવામાં આવેલ છે. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માતા-પિતાની છત્રછાયા ગુમાવી દેવાથી તેની સીધી અસર પરિવારની આવક પર પડી હોય છે. આથી આવા બાળકોનું શૈક્ષણિક તથા આર્થિક ભવિષ્ય નબળું ન પડે અને તેમનું ભવિષ્ય ઉજ્જવળ કરવાના હેતુથી 'વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલ' સેક્ટર-૨૮ ગાંધીનગર દ્વારા આ મહામારીના સમયમાં અનોખી પહેલ કરવામાં આવી છે. આ મહામારી ના કપરા સમયમાં દરેક વ્યક્તિ કોઈ પણ રીતે મદદ કરી સમાજમાં ફાળો આપી રહ્યા છે. રમણભાઈ પટેલ કોઈ પણ કઠિન પરિસ્થિતિમાં પણ બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે નિરંતર કાર્ય કરતા આવ્યા છે. તેઓશ્રીની પ્રેરણાથી અને સમાજમાં થોડીક સહાયતા મળી રહે તે હેતુથી શાળાએ એક મોટું અને પ્રશંસનીય પગલું ભર્યું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. દંતાણી ઉગાભાઈ ગગુભાઈ, ઉ.વ. ૬૯, સે-૨૪, ઈન્દિરાનગર
- સ્વ. પરમાર રમેશભાઈ મગનભાઈ, ઉ.વ. ૫૯, સેકટર-૫
- સ્વ. દવે જનાર્દન અનંતરાય, ઉ.વ. ૬૪, સેકટર-૨૨
- સ્વ. ઠાકોર જશીબેન રમણજી, ઉ.વ. ૫૦, રાંધેજા
- સ્વ. પારેખ સુશીલાબેન બળદેવભાઈ, ઉ.વ. ૫૮, રાંધેજા
- સ્વ. ચાવડા જસવંતસિંહ જગતસિંહ, ઉ.વ. ૬૬, સેકટર-૮